## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



છોકરા ભુખ્યા છે સાહેબ... અને, કેશ ન હોય તો... ચાલો અમારી સાથે હોટલમાં કાર્ડ સ્કેચ કરી નીકળી જાજો...!

# મનપામાં ઓનલાઈન ટેક્સ ચૂકવણીમાં બે ટકા વળતર

## હવે ઓનલાઈન મિલ્કત વેરો ભરનારને ૫૦૦ની મહત્તમ મર્યાદામાં વળતર મળશે : કોંગ્રેસે ૫ ટકા વળતરનો પ્રસ્તાવ મુક્યો પણ ભાજપે બહુમતિથી તેનો અસ્વીકાર કર્યો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સામાન્ય સભાએ કેશલેસ પેમેન્ટને પ્રોત્સાહિત કરવા માટે આ પ્રથા અપનાવનાર મિલ્કતધારકને બે ટકાનું વિશેષ વળતર (મહત્તમ રૂ. ૫૦૦ની મર્યાદામાં) આપવાનો નિર્ણય ૧૬ વિરૂધ ૧૪ મતે નિર્ણય કર્યો છે.

ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળેલ આજની સામાન્ય સભામાં કોંગ્રેસે આ વળતર ૫ ટકા આપવુ જોઈએ તેવી માંગણી કરતો પ્રસ્તાવ મુક્યો હતો. જે મતદાન પર લેવામાં આવતાં ૧૬ વિરૂદ્ધ ૧૪ મતે નામંજૂર થયો હતો અને શાસકપક્ષાનો ૨ ટકા વળતર આપવાનો નિર્ણય સ્વીકારવામાં આવ્યો હતો.

પ્રસ્તાવ પર બોલતાં કોંગ્રેસના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યું હતું કે આપણી સત્તામાં આ વળતર આપવાની વાત આવે છે. જ્યારે સામાન્ય સભામાં ગઈ વખતે ચર્ચા થઈ ત્યારે અન્ય મનપા અને બીજી સંસ્થાઓમાં વધુ વળતર અપાય છે તેનો અભ્યાસ કરવાની વાત કરી નિર્ણય મુલ્તવી રાખ્યો હતો તે વાત સત્તાધારી પક્ષ ભૂલી ગયો હોવાનો આક્ષેપ તેમણે કર્યો હતો.

બિહોલાએ જણાવ્યુ હતુ કે શિક્ષણ ઉપકરની રકમમાંથી હિસ્સો મેળવવામાં પણ આપણે નિષ્ફળ નિવડ્યા છીએ. પ્રજાને આપણે સ્વચ્છતાની પૂરી સેવાઓ પણ આપી શકતા નથી. ડોર ટુ ડોર કલેક્શન સિવાયની તમામ સેવાઓ પ્રશ્નાર્થમાં આવે છે. માત્ર લોકોના પૈસા વસુલવાનું જ નહિ પણ પ્રજાહિતમાં પણ કામ કરવુ જોઈએ. નિર્ણય કરવો જોઈએ.

અમારી વિપક્ષની દરખાસ્ત નહિ સ્વીકારશો તે અમને ખબર છે કારણ કે તમારી પાસે ઉછીની લીધેલી બહુમતિ છે અને તમને પ્રજાની પડી નથી પ્રજાભિમુખ નથી એ અમારા પ્રસ્તાવના અસ્વીકારથી સિદ્ધ થશે એ વાત ભૂલતા નહિ.

જો કે આ પછી તુરત જ મેયર સ્થાને બિરાજમાન ડે. મેયરે પ્રસ્તાવ મત માટે રજુ કર્યો હતો અને તે ૧૬ વિરૂદ્ધ ૧૪ મતે નામંજૂર કરાયો હતો. જો કે આ પછી ૨ ટકા વળતર આપવાના પ્રસ્તાવને બહાલી આપવામાં આવી હતી.

આજની સામાન્ય સભાએ ભરતીના નિયમો તેમજ સેવાના નિયમો અંગેની દરખાસ્તને પણ કોઈપણ જાતની ચર્ચા વિના બહાલી આપી દીધી હતી અને ગણતરીની મિનિટોમાં મનપાની સામાન્ય સભા સંપન્ન થઈ ગઈ હતી.

સભાના આરંભે મેયર પ્રવિણ પટેલના માતુશ્રી મંગુબેન પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ સાથે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

## ભાજપી મેયર તરીકે ડે. મેયરે પ્રથમવાર સભાનું સંચાલન કર્યુ

ગાંધીનગર મહાનગરપાલિકાની રચનાને સાત વર્ષનો સમયગાળો થવા આવ્યો છે ત્યારે આજે પ્રથમ વખત ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે સામાન્ય સભાની બેઠક મળી હતી. ડેપ્યુટી મેયરના અધ્યક્ષપદે મળેલી આ સામાન્ય સભા ઐતહાસિક ઘટનાની તવારીખીમાં સ્થાન પામી છે. અત્યાર સુધી કોંગ્રેસના મેયરો અને કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા મેયરોના અધ્યક્ષપદે જ બેઠક મળી છે. આજે ભાજપના ડે. મેયરે પ્રથમવાર મેયર તરીકે સ્થાન સંભાળી સભાનું સંચાલન કર્યુ હતુ.

મેયર પ્રવિણભાઈ પટેલના માતુશ્રીનું અવસાન થતાં તેઓનો રજા રિપોર્ટ આવતાં આ સ્થાન ડે. મેયર સંભાળે તેવી જાહેરાત સચિવ પિનાકીન જોશીએ સભાના આરંભે કરી હતી અને પછી તેમણે મેયરની ખુરશી પર સ્થાન લઈ સભાનું સંચાલન કર્યુ હતુ.

## સીટીઝનશીપ બિલ સંદર્ભે સમિતિ ૧૮મીએ પહોંચશે

ધ સીટીઝનશીપ (એમેન્ડમેન્ટ) બિલ ૨૦૧૬ સંદર્ભે રાજ્યસભા અને લોકસભાના સંસદસભ્યોની સંયુક્ત સમિતિ તા. ૧૮-૦૪-૨૦૧૭ના રોજ અમદાવાદ ખાતે પધારનાર છે અને રાત્રી રોકાણ કરી તા. ૧૯.૦૪.૨૦૧૭ના રોજ બપોરે રાજકોટ જશે. આથી આ બિલ સંદર્ભે કોઈ નાગરિક કે સંસ્થાને કોઈ લેખિત કે કોઈ મૌખિક રજુઆત કરવી હોય તો સમિતિના સભ્યઓને તા. ૧૮.૦૪.૨૦૧૭ના રોજ સરકીટ હાઉસ, એનેક્સી, શાહીબાગ, અમદાવાદ ખાતે રજુઆત કરી શકશે તેમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અમદાવાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ગૌહત્યા સુધારા વિધેયકને લઈ ભાજપ કોંગ્રેસ વચ્ચે શાબ્દિક ટપાટપી

## મનપામાં ઢોર ડબ્બા પાર્ટી માલધારીઓ પાસેથી પૈસા ઉઘરાવવાનું કામ કરી રહી છે : રાયકા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ ખાસ સામાન્ય સભામાં ગૌરક્ષા અંગેના સુધારા વિધેયકને સરકારે જે ગૃહમાં પસાર કરાવ્યુ છે તે માટે સરકારને અભિનંદન આપતા પ્રસ્તાવે સામાન્ય સભાની કાર્યવાહી ખોરવાશે તેવા ભયને પામી ગયેલા ડે. મેયરે સભાની કાર્યવાહી પુરી થયેલી જાહેર કરી હતી.

ભાજપના નાઝાભાઈ ધાંધરે સભાના એજન્ડા પરની કાર્યવાહી પૂર્ણ થતાં જ આ મુદ્દે ઉભા થઈ બોલવાનો આરંભ કર્યો હતો.

ત્યારે કોંગ્રેસના ચીમનભાઈ વિંઝુડા, જીતુ રાયકા, શૈલેન્દ્રસિંહ બિહોલા, હસમુખ મકવાણા સહિતના સભ્યોએ એજન્ડા સિવાયની ચર્ચા ન થઈ શકે તેવો વાંધો લીધો હતો. પરંતુ નાઝાભાઈએ બોલવાનું ચાલુ રાખતાં જીતુ રાયકાએ પણ સામે પ્રવચન શરૂ કર્યુ હતુ.

રાયકાએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે મનપાની ઢોર-ડબ્બા પાર્ટી માલધારીઓ પાસેથી પૈસા ઉઘરાવવાની કામગીરી કરે છે અને આ માટે આજે સવારે જ તેમણે ઝોનલ ઓફિસરને ફોન પર વિગતો આપી છે તેની તપાસ કરાવો પછી ચર્ચા કરીએ.

તેમણે જણાવ્યુ હતુ કે સૌથી વધુ માલધારીઓ તેમના વોર્ડમાં છે આ મુદ્દે ખુલ્લામંચ પર તેઓ ચર્ચા કરવા તૈયાર છે. તેમણે કહ્યું હતું કે ભ્રષ્ટાચારમાં ઓતપ્રોત તંત્ર અને પદાધિકારીઓ તેમની અગાઉની દરખાસ્તોને કેમ ચર્ચામાં આવતી ટાળી રહ્યા છે.

હસમુખ મકવાણા, ચીમન વિંઝુડા અને શૈલેન્દ્રસિંહ બિહોલાએ ઢોર ડબ્બામાં પશુઓ માટે છાંયડાની પણ વ્યવસ્થા નથી તે પહેલાં કરોને પછી ચર્ચાઓ કરીએ તેવી વાત પણ રજુ કરી હતી.

ભાજપ અને કોંગ્રેસના સભ્યો વચ્ચેની શાબ્દીક ટાપટીપ ઉગ્ર બને તે પહેલાં જ ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડાએ સામાન્ય સભાની આજની કાર્યવાહી પૂર્ણ થયાની જાહેરાત કરી હતી.

# ધોળાકુવાનો બુટલેગર પાસામાં ધકેલાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના ધોળાકુવા ગામના નામચીન બુટલેગર મુકેશ ગણેશજી ઠાકોરને પાસા હેઠળ બરોડા જેલ મોકલી અપાયો છે. ઈન્ફોસીટી પોલીસે ગત્ વર્ષે જિલ્લા કેલકટર સમક્ષ પાસાની દરખાસ્ત મુકી હતી. જેને અનુલક્ષી જિલ્લા કલેકટરે દરખાસ્ત પર મંજુરીની મહોર મારતા મુકેશને બરોડા જેલ મોકલી દીધો છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં પ્રોહિબીશનના ગુના બનતા અટકાવવા તેમજ નાસતા ફરતા ગુનેગારોને ઝડપી પાડવા ગાંધીનગર જિલ્લા એસપી વિરેન્દ્રસીંગ યાદવ ની સુચનાથી શહેર-જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ આ દિશામાં કામગીરી હાથ ધરી હતી. જયારે ગાંધીનગરના પ્રવેશદ્વાર સમાન ધોળાકુવા ગામના ઠાકોર વાસમાં રહેતો મુકેશજી ગણેશજી ઠાકોર છેલ્લા ઘણા સમયથી વિદેશી દારુના વેચાણ સાથે સંકળાયેલો હતો. તેના પર અનેક દારુના કેસ પણ નોંધાયેલા છે. ઘણા કેસમાં પોલીસને ચકમો આપી ફરાર પણ થઈ જતો હતો અને પાછળથી હાજર થઈ જતો હતો.સમાજમાં દારુની પ્રવૃતિને નાથવા માટે પોલીસે ગત વર્ષે ઈન્ફોસીટી પોલીસે મુકેશ ઠાકોરને પાસામાં ધકેલવા માટે જિલ્લા કલેકટર સમક્ષ દરખાસ્ત મુકી હતી. આ દરખાસ્ત પર જિલ્લા કલેકટરે મંજુરી મહોર મારતા આજે પોલીસ મુકેશ ઠાકોરને પાસા હેઠળ બરોડા જેલ મોકલી આપ્યો હતો.જયારે મુકેશને પાસા થતા શહેર જિલ્લાના અન્ય બુટલેગરોમાં પણ ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# અડાલજ ખાતે ભારતનું પ્રથમ પંચતત્વ મંદિરનું નિર્માણ કાર્ય ગતિમાં

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતમાં વસતા લેઉવા પાટીદારોની માતૃભૂમિ અડાલજ ખાતે લેઉવા પાટીદાર સમાજના આરાધ્યદેવી મા અન્નપૂર્ણાના મંદિર નિર્માણનું કામ આગળ વધી રહ્યું છે. આ સંદર્ભે તા. ૧૩ એપ્રિલના રોજ પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં સમાજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ડૉ. વલ્લભભાઈ કથીરીયા, પૂર્વ નાયબ મંત્રી નરહરીભાઈ અમીને પણ હાજરી આપી હતી. ઈતિહાસમાં અડાલજનું સ્થાન અને મા અન્નપૂર્ણાના મંદિર સાથે ભારતનું પ્રથમ પંચતત્વ મંદિરની રૂપરેખા ભીમજીભાઈ નાકરાણી અને ડૉ. હીમાંશુ પટેલે આપી હતી. શ્રીમતી આનંદીબેન પટેલે પાટીદારના ઉદાર દિલની વાત સાથે વાત કરી હતી, તો ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ બિપીનભાઈ પટેલે અનુદાન માટે અપીલ કરી હતી. આ



સમાજ ઉપયોગી પ્રવૃત્તિના પણ વખાણ કરી સૌને બિરદાવ્યા હતા. શ્રી અન્નપૂર્ણા ધામ ટ્રસ્ટના પ્રમુખ કુંવરજીભાઈ પટેલે ભાવિ યોજનાની શુભેચ્છા બેઠક માટે ઉરેન પટેલ, એન.પી. પટેલ, ચંદુભાઈ અકબરી, નવનીતભાઈ, સુરેશ પટેલે જહેમત ઉઠાવી હતી.




# ઘનકચરાના નિકાલમાં સહયોગ આપો નહિ તો દંડનીય કે કાનૂની કાર્યવાહીનો સામનો કરો : મનપા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતાના સર્વેક્ષણ માટે કેન્દ્રીય ટીમ આગામી દિવસોમાં આવી રહી છે ત્યારે સ્વચ્છતા અભિયાનને સઘન બનાવવા માટે મનપાના સત્તાવાળાઓએ ૨૦૧૪માં દંડનીય કાર્યવાહી અંગેના જારી કરેલા જાહેરનામાની અમલવારી કરવા માટે મન બનાવી લીધુ છે અને આમાં સહયોગ ન આપનાર સામે દંડનીય તેમજ કાનૂની કાર્યવાહી કરવાની ચીમકી આપતી એક સત્તાવાર યાદી પણ જાહેર કરી છે.

મનપાની અખબારી યાદીમાં જણાવાયા મુજબ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત દેશના ૪૦૪૧ શહેરો દ્વારા ૫મી જુન વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી ઘનકચરાનું એટસોર્સ સેગ્રીગેશન કરી કરવા જઈ રહ્યાં છે. ગાંધીનગર મહાનગરપાલિકાએ આ દિશામાં ૨૦૧૪ની શરૂઆત કરી છે. સુકો (બાયો નોનડીગ્રેડેબલ) અને ભીના (બાયોડીગ્રેડેબલ) કચરો રહેણાંકના સ્થળે કે વાણિજયના સ્થળે અલગ અલગ કચરાપેટીમાં એકઠો કરવા જાહેરનામુ બહાર પાડી, નગરજનોને આ બાબતે પ્રોત્સાહિત કરવા તથા પ્રોપર્ટી ટેક્ષ ભરપાઈ કરનારને વાદળી અને લીલા રંગની બે કચરાપેટી ફ્રી પુરી પાડવામાં આવી છે, તેમજ મહાનગરપાલિકા સંચાલીત ઘનકચરાનું કલેક્શન કરતા વાહનોમાં પણ બે ખાનાની જોગવાઈ કરી છે. જેમાં જાગૃત નગરજનો સહયોગ આપે છે.

આગામી દિવસોમાં સ્વચ્છતા અંગેની ઝુંબેશ લાંબા સમયગાળા સુધી ચલાવવામાં આવનાર છે. જે અભિયાનમાં ગાંધીનગરના સર્વે નગરજનો, સ્વૈચ્છિક સંસ્થાઓ, મંડળો, સિનિયર સિટીઝન્સ, સ્કૂલના વિદ્યાર્થીઓએ જોડાઈ સુકો કચરો (નોન બાયોડીગ્રેડેબલ) એટલે કે કાગળ, પુઠા, પ્લાસ્ટીક, રબર, કાચ, ખાલી બોટલો વગેરે વાદળી રંગની ડસ્ટબીનમાં અને ભીના (બાયોડીગ્રેડેબલ) એટલે કે એઠવાડ, શાકભાજીનો વેસ્ટ, ઘાસ વગેરે લીલા રંગની ડસ્ટબીનમાં એકત્ર કરી મહાનગરપાલિકા સંચાલિત ઘનકચરાનું કલેક્શન કરતા વાહનોને અલગ અલગ આપી સહયોગ પૂરો પાડવા અપીલ કરવામાં આવે છે. તેમાં સહયોગ ન આપનાર કસુરવાર પાસેથી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ અને ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ની જોગવાઈઓ મુજબ સ્વચ્છતા જાળવવાના ખર્ચ પેટે રૂ. ૧૦૦ થી રૂ. ૫૦૦૦ સુધીનો વહીવટી ચાર્જ વસુલ કરવા અથવા ફોજદારી કાર્યવાહી કરવા અથવા તે બંને પ્રમાણે કાનૂની કાર્યવાહીની જોગવાઈઓ કરવામાં આવેલ છે.




ગાંધીનગર શહેરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. ગરમીથી શહેરનું જનજીવન પ્રભાવિત બન્યુ છે. ત્યારે ગાંધીનગર સિવિલ કમ્પાઉન્ડમાં સહયોગ મંડળ દ્વારા ઠંડા મીનરલ પાણીની પરબ શરૂ કરવામાં આવી છે. જુના ઓપીડી બિલ્ડીંગની બહાર શરૂ કરાયેલી પરબનો દર્દીઓ તેમજ સગાઓ સહિત નગરજનો મોટી સંખ્યામાં લાભ લે છે. અંગ દઝાડતી ગરમીમાં ઠંડુ પાણી પીવા મળતા દરેકના ચહેરા પર સ્મિત ફરકી ઉઠે છે.

## બેસણું (ઓમ શાંતિ)



અમારા પૂજ્ય માતૃશ્રી **શારદાબેન નુભાઈ બ્રહ્મભટ્ટ**નું અવસાન તા. ૧૨/૪/૧૭ને બુધવારના રોજ થયેલ છે. **સ્વર્ગસ્થનું બેસણું તા. ૧૭/૪/૧૭ને સોમવારના રોજ સવારે ૯-૩૦ થી ૧૧-૩૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખવામાં આવેલ છે.

**નિવાસસ્થાન :**
**૩૬૫, હરસિદ્ધનગર,**
**સેક્ટર-૨૪,**
**ગાંધીનગર**

**લિ.**
**બ્રહ્માકુમાર કમલેશભાઈ એમ. બ્રહ્મભટ્ટ**
**બ્રહ્માકુમાર ગીરીશભાઈ એમ. બ્રહ્મભટ્ટ**

## ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યુરો
(A Govt. of Gujarat Organization)

ગાંધીનગરમાં ખાતે પડેલ બિન-ઉપયોગી ભંગાર ને ''જ્યાં છે ત્યાંની સ્થિતિમાંથી ઉપાડ ની પદ્ધતિએ'' નિકાલ કરવાનો છે. ભંગારના નિરીક્ષણ માટે તારીખ ૧૭/૦૪/૨૦૧૭ થી તા.૨૪/૦૪/૨૦૧૭ દરમ્યાન રજા સિવાયના દિવસોમાં સવારે ૧૧:૦૦ થી સાંજના ૪:૦૦ કલાક દરમ્યાન ઉદ્યોગ ભવન ખાતે નિરીક્ષણ કરી શકશે. સીલબંધ કવરમાં નિયત પત્રકમાં ભાવ તા.૨૫.૦૪.૨૦૧૭ બપોરે ૨:૦૦ કલાક સુધીમાં નીચે દર્શાવેલ સ્થળે જમા કરાવવાના રહેશે. ટેન્ડર ઈન્ડેક્ષ્ટ બી ખાતેથી રૂ.૧૦૦/- ટેન્ડર ફી પેટે ભરવાથી મળી શકશે. આ અંગેના ભાવપત્રક મંજૂર કરવા/ન કરવા અંગેનો અબાધિત અધિકાર મેનેજીંગ ડિરેક્ટરનો રહેશે.

**મેનેજીંગ ડિરેક્ટર, ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યુરો**
બ્લોક નં ૧૮/૨, ઉદ્યોગ ભવન, ગાંધીનગર -૩૮૨ ૦૧૦.
**ફોન : ૦૭૯-૨૩૨-૫૦૪૯૨/૯૩**

AmritTara
We Make You Better
Proffetional Makeup Artist
Bridal Makeup Air Brush Machine 8000/-
Bridal Makeup HD 6000/-
પ્રિ-બ્રાઈડલ અને બ્રાઈડલ પેકેજીસ ઉપલબ્ધ
૯,૦૦૦/- થી ૨૧,૦૦૦/- સુધી
- સ્કીન ટ્રીટમેન્ટ, હેર ટ્રીટમેન્ટ ઉપલબ્ધ
- સ્મુથનીંગ, સ્ટ્રેઈટનીંગ, રીબોન્ડીંગ, હેર સ્પા
- એડવાન્સ, ક્રીએટીવ હેર કટ
- ઈન્ટરનેશનલ હેર સ્ટાઈલ

હેલ્પર જોઈએ છે
આઈબ્રો, વેક્સીંગ આવડવું જોઈએ.
Plot No. 498/1, Sec-7/B, Gandhinagar
Mo. 99243 82458 • 9377238358